# શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.

**અરજદાર : સ્ટીલ આર્ટ ઈન્ડસ્ટ્રીઝ**
ઠે. પ્લોટ નં.૪૯૫, રોડ નં.૧૩,
કઠવાડા જી.આઈ.ડી.સી.,
ઓઢવ, અમદાવાદ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા : કામદાર રાજય વીમા કોર્પોરેશન વતી,**
આસીસ્ટન્ટ ડીરેકટરશ્રી,
ઈ.એસ.આઈ. કોર્પોરેશન, આશ્રમ રોડ,
ઈન્કમટેક્ષ,અમદાવાદ.

**હાજર રહયા:–**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી પી.પી. ઝવેરી.
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી અમૃતા જે. રાવલ

**–:: આંક–૨ હેઠળ હુકમ ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–૨ થી વચગાળાની અરજી સાથે સામાવાળા વિરુધ્ધ દાખલ કરી સામાવાળાએ ઈ.એસ.આઈ. એકટ,૧૯૪૮ ની કલમ–૪૫(એ) હેઠળનો હુકમ, સી–૧૯ ની નોટીસ તથા સી.પી.ર અન્વયે અરજદાર સંસ્થા કે તેના પ્રોપરાઈટર વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરે નહીં કે તેનો અમલ કરે–કરાવે નહીં તેવા કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–૨ ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ધ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે અગાઉના ન્યાયાધીશશ્રીએ આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને કલમ–૪૫(એ) હેઠળના તા.૧૦/૮/૨૦૨૨ ના હુકમમાં ફાળા પેટે રૂા.૫,૬૩,૬૪૦/– ની ૫૦% રકમ એટલે રૂા.૨,૮૧,૮૨૦/– (અંકે રૂપિયા બે

લાખ એકયાસી હજાર આઠસો વીસ પુરા) સામાવાળા સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૯ થી પુરસીસ સાથે ચલણ રજૂ કરી જાહેર કરેલ છે કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ રૂા.૨,૮૧,૮૨૦/– (અંકે રૂપિયા બે લાખ એકયાસી હજાર આઠસો વીસ પુરા) ચલણથી તા.૩૧/૧/૨૦૨૪ ના રોજ જમા કરી દીધેલ છે. જે અંગેની ચલણની નકલ આ સાથે કોર્ટ રેકોર્ડમાં રજુ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિદ્વાન વકીલશ્રીઓની રજુઆતો ઘ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા નં.૧૦ મુજબ માંગેલી દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુઘ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૧૧/૧૦/૨૦૨૪**

**(રાજદીપસિંહ ગુમાનસિંહ દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

**પી.વી.ચુડાસમા, પી.એસ.**